Extra No. 355

©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette
## EXTRAORDINARY
## [PUBLISHED BY AUTHORITY]

**Vol. LXVI ]** **SATURDAY, OCTOBER 4, 2025 / ASVINA 12, 1947**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**


# PART -I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**વાંચ્યો :-**

- સરકારશ્રીના ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૭/૦૯/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક:HD/MIS/e-file/8/2025/0778/SB2

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું**

નં.પી.ઓ.એલ.-૨/દિવાળી/જાહેરનામું/વશી- ૧૪૪૧(૧)/૨૦૨૫.-સરકારશ્રીના સરકારશ્રીના આમુખમાં જણાવેલ પરિપત્રની વિગતે નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન (PIL) નં.૨૫૩/૨૦૧૬ કેસમાં નામ. કોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ના આદેશ અનુસાર પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરીનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તેમજ આર્થિક ફાયદા સારુ માનવ તથા પશુ-પક્ષીઓને હાનિ થાય અને જીવનું જોખમ વધે અથવા તો મૃત્યુ થાય, જેથી દર વર્ષે દિવાળીના તહેવાર દરમિયાન ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ઉત્તરાયણ તહેવારની ઉજવણી વખતે વપરાતાં ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરોનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ કરવામાં આવતું હોવાથી દિવાળીના તહેવાર દરમિયાન શરદ પૂર્ણિમાની તારીખથી દેવ-દિવાળીની તારીખ સુધી તથા ઉત્તરાયણના તહેવાર દરમિયાન દરવર્ષે નવેમ્બર માસના પ્રથમ અઠિવાડીયાથી જાન્યુઆરી માસની ૧૬ તારીખ સુધીમાં અમલમાં રહે તે મુજબ જિલ્લા વિસ્તારમાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા કાયદામાં આપેલ જોગવાઈ મુજબનું પ્રતિબંધિત જાહેરનામું દર વર્ષે પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી કરવા સુચના મળેલ છે.

આગામી સમયમાં તા.૦૬/૧૦/૨૦૨૫ના રોજ શરદ પૂર્ણિમા અને તા.૦૫/૧૧/૨૦૨૫ના રોજ દેવ- દિવાળીનો તહેવાર આવનાર છે. જેથી આ પર્વને અનુલક્ષીને ઉકત તહેવાર દરમિયાન તા.૦૬/૧૦/૨૦૨૫ થી તા.૦૫/૧૧/૨૦૨૫ સુધી ચાયનીઝ તુક્કલ/લેન્ટર્નના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ લાવવા માટે આમુખના પત્રની વિગતે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેર હીતમાં પ્રતિબંધાત્મક હુકમ બહાર પાડવો જરૂરી જણાય છે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ(આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા આથી આ જાહેરનામાથી નીચે મુજબના પ્રતિબંધિત કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર**

સમગ્ર સાબરકાંઠા જિલ્લાની હકુમતનો વિસ્તાર

**જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો**

આ હુકમ તા.૦૬/૧૦/૨૦૨૫ થી તા.૦૫/૧૧/૨૦૨૫ના ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

**"પ્રતિબંધિત કૃત્યો"**

ચાયનીઝ તુક્કલ/લેન્ટર્નના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ અને વપરાશ પર પ્રતિબંધ

**"દંડની જોગવાઈ"**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે. અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૫ સપ્ટેમ્બર-૨૦૨૫ના રોજ મારી સહી તથા. તથા સીકકો કરવામાં આવ્યો.

**લલિત નારાયણ સિંઘ સાંદુ,**
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ,
સાબરકાંઠા-હિંમતનગર

---



Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 17:42:28 IST